અપીલ અરજી નં.૧૩૭/ ૦૮–૦૯ તા. ૨૭–૮–૦૮

અરજદાર: પ્રમુખશ્રીસુરત મહાનગરપાલિકા ટેક.સ્ટાફ મંડળ
સામાવાળાઃ ડે.કમિશનર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)

***હુકમ:–***

***વિષય:***–આરટીઆઈ એકટ હેઠળ સુરત મહાનગરપાલિકા ટેક.સ્ટાફ મંડળ આઈ ડી.નં.૩૪૪ તા.૪–૭–૦૮ ની અરજીથી સુમનપાની ટેકનીકલ કેડરમાં ફરજ બજાવતાં ટેક.આસી.,સુપરવાઈઝર,આસી.ઈજનેર,જુની.ઈજનેર,ડે.ઈજનેર તથા કાર્યપાલક ઈજનેરની સુમનપા સરકાર ધ્વારા નિયત કરવામાં આવેલી ફરજો તથા કાર્યક્ષેત્રની વિગત નિયમાવલી તથા આનુષાંગિક ઠરાવ તથા ફરજ બજાવવાનો નિયત સમય નિયમાવલિ તથા આનુષાંગિક ઠરાવની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૭–૮–'૦૮ ની અપીલ અરજી નં.૧૩૭/૦૮–૦૯

સુરત મહાનગરપાલિકા ટેક.સ્ટાફ મંડળ આઈ ડી.નં.૩૪૪ તા.૪–૭–૦૮ ની અરજીથી સુમનપાની ટેકનીકલ કેડરમાં ફરજ બજાવતાં ટેક.આસી.,સુપરવાઈઝર,આસી.ઈજનેર,જુની.ઈજનેર,ડે.ઈજનેર તથા કાર્યપાલક ઈજનેરની સુમનપા સરકાર ધ્વારા નિયત કરવામાં આવેલી ફરજો તથા કાર્યક્ષેત્રની વિગત નિયમાવલી તથા આનુષાંગિક ઠરાવ તથા ફરજ બજાવવાનો નિયત સમય નિયમાવલિ તથા આનુષાંગિક ઠરાવની માહિતી આપવા બાબતે નં.જીએડી/ઈએસટી/૧૭૦૫ તા.૩૧–૭–૦૮ થી આપેલ જવાબની માહિતી મુદ્દા નં.૧ અધૂરી,અસ્પષ્ટ ગેરમાર્ગે દોરે તે મુજબની તથા તે માંગવામાં આવેલ માહિતી તદ્દન અસંગત અને બિનતાર્કીક હોવાનું અરજદાર જણાવે છે તથા મુદ્દા નં.ર બાબતે કોઈ માહિતી આપવામાં આવેલ નથી મળેલ તેવા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૭–૮–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતોનો ઈન્કાર તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૭૫ તા.૩૦–૮–૦૮ થી ડે.કમિશનર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાવક નં.જીએડી/ઈએસટી/૨૧૯૬ તા. ૪–૯–૦૮ થી અત્રેના વિભાગને માહિતી પૂરી પાડેલ છે. જે અનુસાર જાહેર માહિતી અધિકારી તરફથી પુરક માહિતીમાં નં.સીએમએફ/૮૪ તા.૩૧–૩–૮૯ નો સુરત મહાનગરપાલિકાના સમાધાન એવોર્ડ મુજબના પરીપત્ર ટાંકી સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓનો ઓફીસ સમય સવારે ૧૦.૩૦ થી સાંજે ૬.૧૦ રિસેશ નો સમય બપોરે ર.૩૦ થી ૩.૦૦ દર્શાવેલ છે. જયારે પાઠવેલ માહિતી પત્રથી " જે તે ખાતાના નોર્મ્સ અને જરૂરીયાત પ્રમાણે ખાતાધિકારી તરફથી સોંપવામાં આવતી કામગીરી કરવાની રહે" તેવું જણાવેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૪–૭–૦૮ અરજીથી માંગ્યા મુજબની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ નથી. ફરજો અને કાર્યક્ષેત્રની વિગતો તેમજ ફરજ બજાવવાના સમયની સંદર્ભ ઠરાવ આરટીઆઈની નિયમાવલી સહિતની વિગતો કલમ–૪ હેઠળ સ્વયં જાહેર કરવા યોગ્ય માહિતી હેઠળ સમાવિષ્ટ થતી પૈકીની છે જેથી ડે.કમિશનર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારીને સદર માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ અરજદારને વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૦ –૦૮.

ડે.***કમિશનર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧)ડે.કમિશનર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી, (મધ્યસ્થ મહેકમ).......જાણ તાથ અમલ માટે.
(ર) પ્રમુખશ્રી સુરત મહાનગરપાલિકા ટેક.સ્ટાફ મંડળ,